**ઈ-મેઈલ**

ક્રમાંક : ધ/માધ્ય/પરચ/STEM/૨૦૨૧-૨૨/૧૫૨૦-૨૧

નિયામકશ્રી, શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ:૨૫/૦૧/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય: ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આયોજિત સ્ટેમ ક્વિઝની રજીસ્ટ્રેશનની તારીખ લંબાવવા બાબત.

સંદર્ભ : (૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ધ/માધ્ય/પરચ/STEM/૨૦૨૧-૨૨/૨૨૩૬૦-૬૧, તા.30/૧૨/૨૦૨૧

(૨) ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીનો તા.૨૧/૧/૨૦૨૨ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા આયોજીત ગુજરાત સ્ટેમ ક્વિઝમાં રાજ્યની દરેક શાળાના ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા અંગે સંદર્ભ (૧) ના પત્રથી જણાવેલ હતું. આ ક્વિઝ માટે ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધી રજીસ્ટ્રેશન ચાલનાર હતું.

પરંતુ, પ્રસ્તુત બાબતે ગુજકોસ્ટ દ્વારા સંદર્ભ (૨) ના પત્રથી જણાવ્યા મુજબ, રજીસ્ટ્રેશનની તારીખ **૩૧ જાન્યુઆરી, ૨૦૨૨ સુધી** લંબાવવામાં આવેલ છે. જેથી આ અંગેની જાણ તાત્કાલિક આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

**<u>નકલ રવાના જાણ સારૂ</u>** :-સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,સેકટર-૧૧, ગાંધીનગર: ૩૮૨૦૧૧